KCG-Portal of Journals

Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268

Continuous Issue - 22 | December – February 2018

# વિકાસશીલ દેશોના રાજકારણની મુખ્ય લાક્ષણિક્તાઓ : ભારતના સંદર્ભમાં

**પ્રસ્તાવના**

વિકાસશીલ દેશોમાં થયેલા અને થઇ રહેલા રાજકીય વિકાસને શાસ્ત્રીય ઢબે સમજવો જોઇએ. વિકાસનો ખ્યાલ અને પ્રક્રિયા જટિલ અને સંકુલ છે. વિકાસ જ્યારે કહીએ છીએ ત્યારે સામાન્ય રીતે આર્થિક વિકાસના ખ્યાલને ધ્યાનમાં રાખવામાં આવે છે પરંતુ વિકાસના ખ્યાલની અંદર માત્ર આર્થિક વિકાસના ખ્યાલને ન ગણી શકાય. વિકાસમાં સમગ્રતાનો ખ્યાલ રહેલો છે. વિકાસશીલ દેશોના રાજકારણમાં અનેક વિભિન્નતાઓ જોવા મળે છે. જ્યારે વિકસિત દેશોમાં અનેક પ્રકારે વૈવિધ્ય જોવા મળે છે.વિકાસશીલ દેશોમાં કેટલીક સમાનતાઓ તો છે જ જેને કારણે તેઓ વિકસિત દેશોની સામે વૈવિધ્ય પણાને લઈને વિકાસની કેડી પર ચાલે છે. તેથી જ પશ્ચિમી વિકસિત દેશોનાં લક્ષણો અને વિકાસશીલ દેશોના રાજકારણમાં તેનો તફાવત જોઈ શકાય છે.પ્રસ્તુત સંશોધન લેખમાં વિકાસશીલ દેશોના રાજકારણની લાક્ષણિક્તાઓની ભારતના સંદર્ભમાં રાજ્યશાસ્ત્રીય અભિગમથી છણાવટ કરવામાં આવી છે.

**વિકાસશીલ દેશોના રાજકારણની લાક્ષણિકતાઓ :**

**(૧) સામાજીક અને રાજકીય જીવન (Social and Political Life) :**

**વિકાસશીલ સમાજ :**

વિકસિત દેશોના સમાજથી વિકાસશીલ દેશોનો સમાજ થોડો જુદો પડે છે. વિકાસશીલ દેશોનો સમાજ મહદંશે પરંપરાગત છે અથવા તો તે સમાજ સંક્રાંતિકાળ માંથી પસાર થઈ રહ્યો છે તેમ કહી શકાય.અર્થતંત્રની દ્રષ્ટીએ જોઇએ તો આજે પણ વિકાસશીલ દેશોમાં લોકો મહદંશે કૃષિ સાથે સંકળાયેલા છે અને આ ખેતી એ બહુ જ પછાત પ્રકારની જોવા મળે છે. તેમજ વિકાસશીલ દેશોમાં આકાશી ખેતી જોવા મળે છે એટલે કે ખેતી વરસાદ પર નિર્ભર છે. જ્યારે પશ્ચિમમાં ખેતી પર આધાર રાખનારની સંખ્યા ઓછી છે.તેમજ પશ્ચિમી દેશોમાં ખેતી આધુનિક ઢબે કરવામાં આવે છે. પશ્ચિમી દેશો ઉધોગપ્રધાન છે.વિકાસશીલ દેશો મોટે ભાગે ખેતી પ્રધાન દેશો હોય છે.

વિકાસશીલ દેશોના સમાજનું પાયાનું લક્ષણ એ આપણી કુટુંબ વ્યવસ્થા છે. આર્થિક, સામાજીક વગેરે બાબતોમાં કુટુંબ પ્રથા કેંદ્ર સ્થાને હોય છે. વ્યક્તિ-વ્યક્તિ, વ્યક્તિ-જૂથ વગેરે સંબંધો પરંપરાગત રીતે નક્કી થયેલા હોય છે. જ્યારે પશ્ચિમી સમાજોમાં કાનૂન અથવા કરાર આધારિત સંબંધો જોવા મળે છે.

વિકાસશીલ દેશોના સમાજમાં અદ્યતન ટેક્નૉલૉજીની બહુ અસર જોવા મળતી નથી. આવા દેશોમાં મનુષ્ય શ્રમ કે પશુ શ્રમ પર વધારે ભાર મૂકવામાં આવે છે. આથી કહી શકાય કે સમાજ સંક્રાંતિકાળ માંથી પસાર થઈ રહ્યો છે.વિકાસશીલ દેશોના સમાજો પરંપરાગત અવસ્થા માંથી આધુનિક સમાજો તરફ ગતિ કરી રહ્યા છે.

આપણા જેવા દેશોમાં સામાજીક અને રાજકીય જીવન વચ્ચે બહુ જ આછી-પાતળી ભેદ રેખા છે. વિકાસશીલ રાષ્ટ્રોના રાજકારણમાં વૈક્તિગત પ્રભાવ જોવા મળે છે. રાજકારણમાં સગાવાદ ફૂલ્યો-ફાલ્યો છે. આપણું રાજકારણ વ્યક્તિ કેંદ્રી (Personality Oriented) છે. આપણા જેવા દેશોના રાજકારણો સંક્રાંતિકાળ માંથી પસાર થઈ રહ્યા છે.જોકે હવે ભારત જેવા દેશમાં વિકાસ આધારિત રાજનીતિ(Development oriented politics) અથવા તો કાર્યદેખાવ આધારિત રાજનીતિ (Performance based politics)ના યુગનો પ્રારંભ થયો છે.એટલે કે જ્ઞાતિ ,ધર્મ,પ્રદેશ વગેરે જેવી સંકિર્ણ બાબતો ત્યજીને રાજકીય પક્ષો અને મતદારો વિકાસલક્ષી બાબતો તરફ ધ્યાન આપતા થયા છે.જોકે વિકાસશીલ દેશોમાં રાજકારણના બિનસાંપ્રદાયિકરણની પ્રક્રિયાને વેગવંતી બનાવામાં હજુ ઘણો સમય લાગશે.

**(૨) રાજકીય સંસ્કૃતિ(Political Culture)** :

રાજકીય સંસ્કૃતિની પરિભાષા સમજાવતાં પ્રો.પ્રવીણ શેઠ લખે છે[૧]-"રાજકીય સંસ્કાર એટલે રાજ્ય અથવા સતા સામેની લોકોની અભિમુખતા અને વલણો". રાજકીય સંસ્કૃતિના ખ્યાલને સમજવા કહી શકાય કે આપણી આસપાસ બનતી ઘટનાઓ પ્રત્યેના આપણા મૂલ્યો, વલણો, અભિગમો, ગમા-અણગમા અને તેને લીધે ઘડાતું આપણું રાજ્ય તેને આપણી રાજકીય સંસ્કૃતિ કહેવામાં આવે છે. રાજકારણ સાથે જે કાંઈ સંબંધિત છે. દા.ત. સત્તા, નેતાઓ, પક્ષો વગેરે પ્રત્યે આપણો ગમો-અણગમો, અભિગમો, અભિમુખતા વગેરેનો રાજકીય સંસ્કૃતિમાં સમાવેશ થાય છે.

આપણા જેવા રાજ્યોમાં મિશ્ર પ્રકારની રાજકીય સંસ્કૃતિ જોવા મળે છે. એટલે કે આપણી સંસ્કૃતિ પૂરેપૂરી પરંપરાગત પણ નથી અને આધુનિક પણ નથી. પરંતુ બન્નેનું મિશ્રણ જોવા મળે છે. આપણે ધીરે ધીરે પરંપરાગત માંથી આધુનિક રાજકીય સંસ્કૃતિ તરફ જઈ રહ્યા છીએ.નાગરિક રાજકીય સંસ્કૃતિ તરફ આપણે આગળ વધી રહ્યા છીએ. તેમ છતાં પરંપરાગત તત્વો નાશ પામતા નથી ક્યારેક તો તે મજબૂત થતા હોય તેમ લાગે છે.

તારણહાર એ આપણી રાજકીય સંસ્કૃતિનો મુખ્ય આધાર છે.કોઇ કરિશ્માતી નેતા આવીને રષ્ટ્ર અને સમાજનો ઉધ્ધાર કરે તેવી આકાંક્ષા લોકો રાખે છે. આપણે ત્યાં ગ્રામીણ અને શહેરી રાજકીય સંસ્કૃતિમાં તફાવત જોવા મળે છે. વિકસિત દેશોમાં આ તફાવતનું પ્રમાણ ઓછું જોવા મળે છે. એક સરખી રાજકીય સંસ્કૃતિ આપણે ત્યાં વિકસી નથી પરંતુ તે તરફ આગળ વધી રહ્યા છીએ.

રાજકારણમાં જે વર્ગ પ્રવેશે છે તે પોતાની સંસ્કૃતિ લઈને પ્રવેશે છે. મોટા પ્રમાણમાં સજ્જનો રાજકારણમાં પ્રવેશે તો તેઓ પોતાના ધોરણો/મૂલ્યો લઈને પ્રવેશ કરે છે અને તેનાથી ઉલટું અસામાજિક લોકો રાજકારણમાં પ્રવેશે તો તેઓ પોતાની સંસ્કૃતિ- ચોરી, લૂંટફાટ, મારામારી વગેરે સાથે લઈને જાય છે એટલે કે જે-તે

વર્ગ રાજકારણમાં પ્રવેશે છે તે પોતાની સંસ્કૃતિ સાથે લઈને જ પ્રવેશ કરે છે.ભારતમાં અત્યારે રાજકારણનું અપરાધીકરણ ગંભીર સમસ્યા બની છે.ભારત જેવા દેશમાં શિક્ષિત અને સજ્જનોનું થોડા ઘણા અંશે રાજકીય વિમુખીકરણ(Political alienation) પણ જોવા મળે છે. આથી કહી શકાય કે રાજકીય સંસ્કૃતિ આપણા રાજકારણને સારી રીતે પ્રભાવિત કરે છે

**(૩) તંત્રાત્મક વિભિન્નિકરણ (Structural Differentiation)** :

આપણા જેવા વિકાસશીલ દેશોમાં તંત્રાત્મક વિભિન્નિકરણની માત્રા ઓછી હોય છે. જ્યારે વિકસિત રાષ્ટ્રોમાં તંત્રાત્મક વિભિન્નિકરણની માત્રા વધારે જોવા મળે છે. જે સમાજમાં એક તંત્ર અનેક કાર્ય કરતું હોય ત્યાં વિભિન્નિકરણની માત્રા ઓછી હોય છે. દા.ત. ભારતના ગામડામાં રહેતો પ્રાથમિક શાળાનો શિક્ષક શિક્ષણ આપવા ઉપરાંત બીજી પણ ઘણી ભૂમિકા ભજવે છે. જ્યારે વિકસિત દેશોમાં જુદા જુદા કાર્યો કરવા માટે જુદા જુદા તંત્રો હોય છે. વિકસિત દેશોમાં જેમ જેમ કાર્યોની માત્રા વધતી જાય તેમ તેમ વિવિધ વિશિષ્ટ તંત્રોની રચના કરવામાં આવે છે. સ્વાયત વિશિષ્ટ કૃત માળખાં ઉભા કરવામાં આવે છે. આપણા સમાજમાં રાજકીય, આર્થિક, સામાજીક ભેદ અલગ પડ્યા નથી. વિકાસશીલ સમાજોમાં તંત્રો સ્વતંત્ર નથી. વિકસિત દેશોમાં રાજકીય, આર્થિક, સામાજીક ભેદો સ્પષ્ટ જોવા મળે છે. તેમાં અલગ અલગ તંત્રોની વ્યવસ્થા હોય છે.

વિકાસશીલ સમાજોમાં અવેજીકરણની પ્રક્રિયા વધારે જોવા મળે છે.અવેજીકરણ એટલે કે અમુક કાર્યો બીજા તંત્રો દ્વારા કરવામાં આવે છે. ટુંકમાં, આપણા જેવા રાષ્ટ્રોમાં એક તંત્ર વિવિધ કામગીરી બજાવે છે. જ્યારે વિકસિત દેશોમાં તંત્રાત્મક વિભિન્નિકરણની માત્રા વધુ છે.દેશમાં વધુ તંત્રોની સ્થાપના થાય તે પર્યાપ્ત નથી પરંતુ સાથે સાથે તંત્રો વચ્ચે સંકલનની ક્ષમતા પણ વિકસવી જોઈએ.

**(૪) રાજકીય પક્ષો અને નેતાગીરી (Political Parties and Leadership)**:

વિકસિત દેશોના રાજકીય પક્ષો સમાજના ચોક્કસ વર્ગોને અપીલ કરે છે. જ્યારે અલ્પવિકસિત દેશોમાં રાજકીય પક્ષો સમાજના કોઈ ચોક્કસ વર્ગ કે વિભાગને અપીલ કરવાને બદલે વ્યાપક અપીલ કરતા હોય છે. તેઓ બધાને અપીલ કરવાનો પ્રયત્ન કરે છે. આપણા જેવા દેશમાં કોઈ રાજકીય પક્ષ કોઈ ચોક્કસ વર્ગને ધ્યાનમાં લે તો તે બાબત બહુ અસર કરતી નથી. બીજી રીતે કહીએ તો આપણા રાજકીય પક્ષો આપણી ફિલ્મોની જેમ બધાને અપીલ કરવાનું વલણ ધરાવે છે.

આપણા રાજકીય પક્ષો વ્યક્તિલક્ષી (Personality Oriented) છે. આપણાં રાજકીય પક્ષો હિત કે વિચારધારા આધારિત નહિ પરંતુ વ્યક્તિ આધારિત/નેતા આધરિત છે. જ્યારે વિકસિત રાષ્ટ્રોમાં હિત આધારિત રાજકીય પક્ષો હોય છે. વિકસિત રાષ્ટ્રોમાં વ્યક્તિગત કરિશ્મા હોતો નથી. આપણે ત્યાં વ્યક્તિ આધાતિર રાજકારણ ચાલે છે. પશ્ચિમી સમાજમાં વિચારધારા મહત્વની છે.વિકસિત સમાજના લોકો વ્યક્તિ અભિમુખ ઓછા છે.રાજકીય ચર્ચાની વાત કરી એ તો આપણાં જેવા દેશોમાં ચોક્કસ મુદ્દાસર વિગતવાર ચર્ચાનો અભાવ હોય છે. આપણાં સમાજોમાં માત્ર સામાન્ય ચર્ચાઓ થાય છે. દા.ત. અત્યારે સમાન સિવિલ કોડની ચર્ચા થાય છે. તેમાં તે હોવો

જોઈએ કે ન હોવો જોઈએ તેવી જ સામાન્ય ચર્ચા થાય છે. પરંતુ તે હોવો જોઈએ તો કેવો હોવો જોઈએ, તેની અંદર કઈ કઈ બાબતોનો સમાવેશ કરવો જોઈએ, હિંદુ અવિભક્ત કુટુંબ પર વિચારણા કરવી કે નહિ તેવી બહુ ઉંડાણપૂર્વકની ચર્ચા જોવા મળતી નથી. જ્યારે પશ્ચિમિ સમાજમાં ચોક્કસ, વિગતવાર રીતે સમાજની વિવિધ સમસ્યાઓ પર ચર્ચા થાય છે.

રાજકીય પક્ષો આપણા જેવા સમાજમાં લોકરંજનવાદ(Populist politics)માં રચ્યા-પચ્યા રહે છે. રાજકીય પક્ષો વચ્ચે એક પ્રકારની લોકોને ખુશ કરવાની સ્પર્ધા જોવા મળે છે. રાજકીય પક્ષો વધુને વધુ પ્રમાણમાં લોકોની ખુશામત કરીને ખુશ કરવા જેવા વલણોનો આશરો લે છે. દા.ત. મધ્યાહ્ન ભોજન યોજના, ઈંદિરા આવાસ યોજના, અનાજ-વિતરણની સસ્તી પધ્ધતિઓ વગેરે. તેથી જ વ્યવહારમાં પણ તેનો સાચી રીતે ઉપયોગ કરી શકાતો નથી. રાજકીય પક્ષો ચૂંટણી સમયે જાહેરાત કરે કે અમે સત્તા પર આવીશું તો બધા લોકોને રંગીન ટીવી આપીશું.જે વાસ્તવમાં શક્ય જ નથી છતાં લોકો રાજકીય પક્ષોની આવી જાહેરાતોથી ખુશ થાય છે. તેથી જ લોકરંજક રાજકારણ વિકાસશીલ દેશોમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે.

વિકાસશીલ દેશોમાં રાજકીય નેતાઓ પક્ષીય સંગઠન/અનુયાયીઓ વગેરેથી સ્વાયત્તતા અનુભવે છે. એટલે કે રાજકીય પક્ષની વિચારધારા સાથે કોઇ નેતાને વધારે મેળ ન હોય તો પણ પક્ષમાં પ્રભાવ અને સ્વાયતતા ધરાવે છે.તે રીતે જોઈએ તો પક્ષનું પ્રભુત્વ રાજકીય નેતૃત્વ ઉપર વધારે હોતું નથી. તેનું મૂળ વફાદારી છે અથવા તો રાજકીય નેતૃત્વ જ્ઞાતિ/કોમ પર આધારિત છે. તેથી તે પોતાની સ્વાયત્તતાને વધારે ઉપસાવે છે.વિકાસશીલ દેશોમાં વ્યક્તિ, જ્ઞાતિ, ધર્મ વગેરે આધારિત રાજકીય પક્ષો વધારે છે. તેથી જ રાજકીય નેતૃત્વ વધારે સ્વતંત્રતા ભોગવી શકે છે.

**(૫) રાજકીય ભરતી(Political Recruitment)** :

રાજકીય ભરતીની ઉંચી માત્રા એ આપણાં જેવા દેશોનું લક્ષણ છે. એટલે કે આપણે ત્યાં રાજકારણમાં ભાગ લેનારની સંખ્યા ખૂબજ ઉંચી માત્રામાં જોવા મળે છે. આપણા જેવા દેશોમાં રાજકારણ એ સમાજની મુખ્ય પ્રવૃત્તિ બની જાય છે. બધે જ રાજકારણ જોવા મળે છે. કોઈ પણ મુદ્દો રાજકીય મુદ્દો બની જાય છે. કારણ કે રાજકીય સત્તા કંઈપણ સિધ્ધ કરવા માટે જરૂરી છે તેવું માનવામાં આવે છે.આપણે ત્યાં પછાત વર્ગો,મહિલાઓ તેમજ અન્ય વર્ગોનું રાજકીયકરણ થયું છે. રાજકારણને એક પ્રકારની અગ્રિમતા પ્રાપ્ત થઈ હોવાથી લોકો તેમાં અતિશય ભાગ લે છે. જ્યારે પશ્ચિમમાં તેવું જોવા મળતું નથી.

આપણે અહિં રાજકારણ દ્વારા અનેક ક્ષેત્રે વિકાસ કરવાનો પ્રયત્ન કરીએ છીએ જેને લીધે વધારે લોકો રાજકારણથી આકર્ષાય છે. અને તેથી આપણાં જેવા દેશોમાં રાજકીય ભરતીની માત્રા ઉંચી જોવા મળે છે. તેથી રાજકારણ એ ભારત જેવા દેશોમાં એક મહત્વની પ્રવૃત્તિ બની છે.રાજકીય સત્તા એ વિકાસશીલ દેશોમાં એક મહત્વનું સાધન બન્યું છે. આથી વધુ ને વધુ લોકો રાજકારણ અને રાજકીય બાબતોમાં સ્વતંત્ર રીતે ભાગ લઈ સક્રિય રીતે કામ કરે છે. આ આખીય પ્રક્રિયાને રાજકીય ભરતી કહે છે.લોકોનું વધુ પડતું રાજકીય ઉદ્યુક્તિકરણ દેશમાં ક્યારેક રાજકીય અરાજકતા સર્જે છે.

રાજકારણ અને દેશના નાના-મોટા જૂથો વચ્ચે આંતરક્રિયા થતી હોય છે.બન્ને પરસ્પર એક બીજાને પ્રભાવિત કરે છે. અનેક નાના-મોટા જૂથો રાજકારણને પ્રભાવિત કરવાનું કામ કરે છે.તો વળી રાજકારણ પણ તેમને પ્રભાવિત કરે છે. અનેક નાના-મોટા જૂથો રાજકીય પક્ષોમાં દાખલ થાય છે અને તે રીતે તેઓ રાજકારણને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરે છે.

આઝાદીની ચળવળ દરમિયાન અને આઝાદીના શરુઆતના અરસામાં ભારતીય રાજકારણમાં અગ્રવર્ગનું વર્ચસ્વ હતું. ત્યાર બાદ આમ જન સમુદાયનો રાજકારણમાં પ્રવેશ અને પ્રભાવ શરુ થયો.સમાજના બિનરાજકીય જૂથો,વર્ગો કે વ્યક્તિઓ રાજકારણ પ્રત્યે સભાન બનીને તેમાં સક્રીય રસ અને ભાગ લેતા થયા છે. તેથી રાજકીય ભરતીની ઉંચી માત્રા જોવા મળે છે. જોકે અગ્રવર્ગ ભારતીય રાજકારણને એક યા બીજી રીતે પ્રભાવિત કરતો જોવા મળે છે.સામાજિક આગેવાનો,ધર્મગુરુઓ,આર્થિક અગ્રવર્ગ જેવી બિન ઔપચારિક નેતાગીરીનો રાજકારણ પર પ્રભાવ જોવા મળે છે. આપણાં જેવા રાષ્ટ્રોમાં શહેરી અગ્ર વર્ગ વધતો જાય છે. તે અગ્ર વર્ગ વધુ સમાન અને શિક્ષિત છે. તેથી તે પોતાના હક્કોને સારી રીતે ભોગવવા-મેળવવા માટે રાજકારણમાં દાખલ થાય છે.

**(૬) રાજકીય ક્રિયા અને ચર્ચા વચ્ચે અંતર** :

આપણાં જેવા દેશોમાં રાજકારણની ચર્ચા વધુ ચાલે છે અને રાજકીય ક્રિયા અને ચર્ચા વચ્ચે મોટું અંતર જોવા મળે છે. ખાસ કરીને રાજકીય ક્રિયા (Political Action ) પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે. આ પણ વિકાસશીલ દેશોના રાજકારણનું એક લક્ષણ ગણાવી શકાય. પશ્ચિમમાં રાજકીય ક્રિયાનું તત્વ વધારે જોવા મળે છે. જે આપણે ત્યાં નથી એટલે કે આપણે ત્યાં નિર્ણય લેવાની પ્રક્રિયા ધીમી છે. તેથી તેનું પરિણામ કાર્યમાં આવતું નથી અને પ્રશ્નો ઉકેલવાને બદલે વધતા જાય છે. દા.ત. જેટલા કાયદા આપણાં જેવા દેશમાં ઘડાય છે તેનો અમલ ભાગ્યે જ થતો જોવા મળે છે.

ભારત જેવા દેશોમાં રાજકીય કાર્યશીલતાનું સ્તર નીચું છે. આપણાં જાહેર ક્ષેત્રોમાં શિથિલતા જોવા મળે છે. આની પાછળનું કારણ એવું બતાવવામાં આવે છે કે જ્ઞાન અને ક્રિયા વચ્ચે એક પ્રકારની ભિન્નતા છે. એટલે જ્ઞાન મેળવવાનું કાર્ય બીજાનું અને કામ કરવાનું કાર્ય બીજાનું છે. પ્રશ્નોના ઉકેલમાં પાછા પડીએ છીએ કારણકે પ્રશ્નો ઘણાં ગૂંચવાતા જાય છે તેમજ કોઇ સમસ્યા ઉત્પન્ન થાય તો તેની સામે અસરકારક પગલાં દ્વારા પ્રશ્નો ઉકેલવાની પ્રથા વિકસાવી શક્યા નથી. પ્રશ્નો ઉકેલવાનો કોઈ પ્રયત્ન કરે તો તેને કેમ નિષ્ફળ બનાવવો તેવા પ્રયત્નો વધારે થાય છે.એટલે કે રાજકીય પક્ષોમાં પરસ્પર રાજકીય સત્તાલક્ષી ખેંચતાણ વધુ થાય છે.કોઇ મહત્વના રાષ્ટ્રીય હિતની બાબતમાં પણ રાજકીય પક્ષો સર્વસમંતિ સાધતા નથી.

**(૭) દાબ જૂથો/ હિત જૂથો (Pressure Groups/Interest Groups)** :

પ્રો.પ્રવીણ શેઠ દાબજૂથોનો અર્થ સમજાવતાં લખે છે[૨]-“ વિધિપુર:સર ચૂંટણીમાં ભાગ લિધા વિના સરકારની નીતિ પર અસર પાડવા માટે સ્વૈચ્છિક રીતે રચાયેલ મંડળને દાબજૂથ કહેવામાં આવે છે.” આપણાં જેવા

દેશોના રાજકારણમાં દાબ જૂથો કે હિત જૂથોનું પ્રમાણ ઓછું છે. તેથી રાજકીય પક્ષો આવા જૂથોની સ્વતંત્ર રીતે કામગીરી બજાવે છે. પશ્ચિમના દેશોના પ્રમાણમાં આપણાં દેશમાં હિત જૂથો કે દાબ જૂથો વિકસ્યા નથી. આવા જૂથો પોતાના હિતોનું રક્ષણ કરવાનું કાર્ય કરે છે પણ તેઓ સરકારની ચોક્કસ નીતિ પર દબાણ કરતા નથી. જ્યારે પશ્ચિમના દેશોના જૂથો નીતિ બદલવા માટે વધારે દબાણ કરતા જોવા મળે છે.

**તારણો/સૂચનો**

સંશોધન પત્રમાં ઉપરોક્ત છણાવટના આધારે આ પ્રમાણે તારણો તારવી કેટલાક સૂચનો કરી શકાય.

(૧) ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રો સંક્રાંતિકાળ માંથી પસાર થઇ રહ્યા છે. વિકાસશીલ રાષ્ટ્રોમાં જ્ઞાતિ ,ધર્મ,પ્રદેશ વગેરે જેવી સંકિર્ણ બાબતો ત્યજીને રાજકીય પક્ષો અને મતદારોએ વિકાસલક્ષી બાબતો તરફ વધુ ધ્યાન આપવુ જોઇએ. ભારત જેવા દેશમાં વિકાસ આધારિત રાજનીતિનો સ્વીકાર કરવો જોઇએ. વિકાસશીલ દેશોમાં રાજકારણના બિનસાંપ્રદાયિકરણની પ્રક્રિયાને વેગવંતી બનાવવી જોઇએ.

(૨) વિકાસશીલ રાષ્ટ્રોમાં મિશ્ર પ્રકારની રાજકીય સંસ્કૃતિ જોવા મળે છે. વિકાસશીલ રાષ્ટ્રો પરંપરાગત માંથી આધુનિક રાજકીય સંસ્કૃતિ તરફ જઈ રહ્યા છીએ.નાગરિક રાજકીય સંસ્કૃતિ તરફ આપણે ઝડપથી આગળ વધવું જોઇએ.ભારતમાં રાજકારણનું અપરાધિકરણ અટકવું જોઇએ.

(૩) વિકાસશીલ દેશોમાં તંત્રાત્મક વિભિન્નિકરણની માત્રા ઓછી જોવા મળે છે. વિકાસશીલ  દેશોમાં કાર્યોની માત્રા વધતી જાય તેમ તેમ વિવિધ વિશિષ્ટ તંત્રોની રચના કરવી જોઇએ.

(૪) વિકાસશીલ  દેશોમાં રાજકીય પક્ષો વ્યક્તિલક્ષી છે. આપણાં રાજકીય પક્ષો હિત કે વિચારધારા આધારિત નહિ પરંતુ નેતા આધરિત છે. વિકાસશીલ  દેશોમાં હિત આધારિત કે વિચારધારા રાજકીય પક્ષો રચાવા જોઇએ.

(૫) વિકાસશીલ  દેશોમાં રાજકીય ક્રિયા અને ચર્ચા વચ્ચે મોટું અંતર જોવા મળે છે. રાજકીય ક્રિયા અને ચર્ચા વચ્ચેના અંતરનું પ્રમાણ ઘટવું જોઇએ. ભારત જેવા દેશોમાં રાજકીય કાર્યશીલતાનું સ્તર ઉંચું આવવું જોઇએ.

(૬) ભારત જેવા વિકાસશીલ દેશોમાં રાજકીય ભરતીની ઉંચી માત્રા જોવા મળે છે. આપણે ત્યાં આમ જન સમુદાયનો રાજકારણમાં પ્રવેશ અને પ્રભાવ શરુ થયો છે. આમ જન સમુદાયને રાજકીય ભાગીદારી આપવી જોઇએ.

**સંદર્ભ**

I. શેઠ પ્રવીણ ન.,આધુનિક રાજ્યશાસ્ત્ર : પરિભાષા અને વિશ્લેષણ,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ,૧૯૭૪,પૃ.૬૬
II. શેઠ પ્રવીણ ન.,આધુનિક રાજ્યશાસ્ત્ર : પરિભાષા અને વિશ્લેષણ.યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ,૧૯૭૪,પૃ.૮૧

III. ડાહલ,રોબર્ટ શાહ બી.સી. પંડ્યા જે.એન., આધુનિક રાજકીય વિશ્લેષણ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ,૧૯૮૦

IV. કોઠારી,રજની,ભારતનું રાજકારણ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ,૧૯૭૫

V. શુકલ,દિનેશ મૂ.,ભારતીય રાજકારણની રુપરેખા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.


*******************************************************************************


**ડો.અશોકકુમાર બી.પુરોહિત**

આસિસ્ટન્ટ પ્રોફેસર

રાજ્યશાસ્ત્ર

એમ.એ.પરીખ ફાઈન આટ્સૅ એન્ડ આટ્સૅ કોલેજ

પાલનપુર


Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat